# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અષાઢ વદ - 30 ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૫૪ ● તારીખઃ ૧૨.૦૮.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

ફરિયાદ કરે એવું નહિ, પરંતુ ફરી યાદ કરે તેવું જીવન જીવવું મહત્વપૂર્ણ છે!

# દિલ્હીમાં રાબેતા મુજબ સંસદ ઠપ્પઃ પક્ષ-વિપક્ષનાં સામસામાં પ્રદર્શનો







**સમય સંદેશઃ નવીદિલ્હી**

સંસદ ભવનમાં છેલ્લા ઘણા દિવસોથી વિપક્ષી પાર્ટીઓ પ્રદર્શન કરી રહી હતી. જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન પોલીસની કડક કાર્યવાહી અને રામ મંદિરના ચઢાવાની ચોરીને મુદ્દે ગૃહ મંત્રી અમિત શાહ પાસેથી જવાબ માગવા માટે સાંસદો તખ્તીઓ લઈને એકત્ર થયા હતા. પરંતુ મંગળવારે સ્થિતિ બદલાઈ ગઈ અને સત્તાધારી પક્ષના સાંસદો પણ પ્રદર્શન કરવા માટે ઊતરી આવ્યા હતા. સંસદ પરિસરના મુખ્ય દરવાજાઓમાંથી એક એવા મકર દ્વાર પર બંને પક્ષના સાંસદો એકઠા થયા અને એકબીજા વિરુદ્ધ નારેબાજી કરતા રહ્યા હતા.

એક તરફ વિપક્ષી પાર્ટીઓની માગ છે કે અમિત શાહ સંસદમાં આવીને નિવેદન આપે અને જણાવે કે દિલ્હીમાં પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી શા માટે કરવામાં આવી. આ ઉપરાંત રામ મંદિરના ચઢાવાની ચોરીને મુદ્દે પણ જવાબ માગવામાં આવી રહ્યો છે. બીજી તરફ સત્તાધારી પક્ષના સાંસદો હવે રાહુલ ગાંધીને નિશાન બનાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે ઝારખંડમાં પોલીસે પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે બર્બરતા કરી છે. આ મુદ્દે રાહુલ ગાંધી કંઈ બોલવા માટે તૈયાર નથી. સાંસદોનું કહેવું છે કે આ રાહુલ ગાંધીનું બેવડું વલણ છે. નોંધનીય છે કે ઝારખંડ સરકારમાં કોંગ્રેસ પણ ભાગીદાર છે. હેમંત સોરેનની સરકારમાં કોંગ્રેસ જુનિયર પાર્ટનર તરીકે સામેલ છે.

હકીકતમાં, NDAના સાંસદો હવે એટલા માટે પણ આક્રમક બન્યા છે કારણ કે દિલ્હીમાં પ્રદર્શનના મુદ્દે અમિત શાહ નિવેદન આપવા માટે તૈયાર છે. હવે NDAના સાંસદોનું કહેવું છે કે વિપક્ષ ચર્ચાથી કેમ ભાગી રહ્યો છે? જ્યારે પોલીસની કાર્યવાહી અંગે ચર્ચા થશે, ત્યારે ઝારખંડને મુદ્દે પણ ચર્ચા કરવામાં આવશે. સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુનું

અનુ પાના નં.૨ પર

## ફ્લાઈટ દુર્ઘટનામાં ચોંકાવનારો ખુલાસોઃ પાયલટનો મારિજુઆના ટેસ્ટ પોઝિટિવ આવતાં ખળભળાટ

### ફ્લાઈટ અચાનક ૩૦૦ ફીટ નીચે ખાબકતાં ૨૪ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા, કેન્દ્ર સરકારે એર ઈન્ડિયાના સીઈઓને સમન પાઠવ્યા

**સમય સંદેશઃ નવીદિલ્હી**

એર ઈન્ડિયાની ફુકેતથી દિલ્હી આવી રહેલી ફ્લાઈટ AI2379 અચાનક આશરે ૩૦૦ ફીટ નીચે ખાબકવાની ગંભીર ઘટના બાદ હાથ ધરાયેલી તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. વિમાનના પાયલટ-ઈન-કમાન્ડનો કન્ફર્મેટરી લેબ ટેસ્ટ મારિજુઆના (ગાંજા) માટે પોઝિટિવ આવ્યો છે. ગત તા. ૪ ઓગસ્ટના રોજ બનેલી આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૧૩૭ મુસાફરો અને ૮ ક્રૂ મેમ્બર્સ પૈકી ૨૦ મુસાફરો તથા ૪ કેબિન ક્રૂ સભ્યો મળી કુલ ૨૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અચાનક ટર્બ્યુલન્સ થવાના કારણે મુસાફરોના કાન, ગરદન અને ખભાના ભાગે ઈજાઓ પહોંચી હતી.

ઘટના બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલયની સૂચનાથી બંને પાયલટોનું સાયકોએક્ટિવ સબ્સ્ટન્સ સ્ક્રીનિંગ કરાવવામાં આવ્યું હતું. જેમાં કો-પાયલટનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો, પરંતુ પાયલટ-ઈન-કમાન્ડના સેમ્પલની ઊંડાણપૂર્વક લેબ તપાસ કરાવતાં ગાંજો પીધો હોવાની પુષ્ટિ થઈ હતી. આ ગંભીર

અનુ પાના નં.૨ પર

## દિલ્હી વિધાનસભામાં કથિત રાશન કૌભાંડ મુદ્દે ધમાસાણઃ આપના ૮ ધારાસભ્યોને માર્શલ આઉટ કરાયા

### સબ્સિડીવાળા ચોખાના વિતરણમાં ૨૨ હજાર કરોડના ગેરરીતિના આક્ષેપ સાથે વિપક્ષનો હંગામો, મંત્રી સિરસાના રાજીનામાની માંગ

**સમય સંદેશઃ નવીદિલ્હી**


દિલ્હી વિધાનસભામાં કથિત રાશન કૌભાંડના મુદ્દે સત્તાધારી ભાજપ અને મુખ્ય વિપક્ષ આમ આદમી પાર્ટી વચ્ચે ભારે ઘર્ષણ સર્જાયું છે. સબ્સિડીવાળા ચોખાની ખરીદી અને વિતરણમાં ગડબડ અંગે તાત્કાલિક ચર્ચા કરવાની માંગ સાથે આપના ધારાસભ્યોએ ગૃહમાં ભારે હોબાળો મચાવ્યો હતો. વિવાદ વકરતાં અને વિપક્ષનું વર્તન અયોગ્ય ગણાવી વિધાનસભા અધ્યક્ષના આદેશ બાદ આપના ૮ ધારાસભ્યોને માર્શલ દ્વારા ગૃહમાંથી બહાર કરી દેવામાં આવ્યા હતા. બીજી તરફ, મંત્રી મનજિંદર સિંહ સિરસાએ આરોપો ફગાવતાં આપ ધારાસભ્ય કુલદીપ કુમાર પર ગૃહમાં ચોખા ફેંકીને ગૃહનું અપમાન કરવાનો વળતો આક્ષેપ કર્યો હતો.

આમ આદમી પાર્ટીના દિલ્હી યુનિટના પ્રમુખ સૌરભ ભારદ્વાજે ગંભીર દાવો કરતાં જણાવ્યું હતું કે, આસામની એક કંપની અને દિલ્હી સરકાર દ્વારા ભારતીય ખાદ્ય નિગમ (FCI) પાસેથી દર અઠવાડિયે આશરે ૩૧ હજાર મીટ્રિક ટન સબ્સિડીવાળા ચોખાની માગ કરવામાં આવી હતી. તેમનો આક્ષેપ છે કે ગરીબો માટેનો આ જથ્થો હરિયાણાની એક ખાનગી કંપનીને નફા સાથે વેચી દેવાની યોજના હતી. આપનો દાવો છે કે દર અઠવાડિયે ₹૧૪૩ કરોડ અને ૩ વર્ષમાં આશરે ₹૨૨ હજાર કરોડનું મોટું કૌભાંડ આચરવાનો પ્રયાસ કરાયો હતો. આપ ધારાસભ્ય સંજીવ ઝાએ પણ નિયમ ૫૫ હેઠળ ચર્ચાની માંગ કરી સરકાર પર ગરીબોનું અનાજ બ્લેક માર્કેટમાં વેચવાનો

અનુ પાના નં.૨ પર

## જામનગર મહાનગરપાલિકાને ૧૦૫ કરોડની ગ્રાન્ટ મળીઃ મુખ્યમંત્રીએ સર્વાંગી વિકાસ માટે ચેક અર્પણ કર્યો

**સમય સંદેશઃ જામનગર**



જામનગર મહાનગરપાલિકાને શહેરના સર્વાંગી વિકાસ અને આંતરમાળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ₹૧૦૫ કરોડની વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ગાંધીનગર ખાતે યોજાયેલા એક વિશેષ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે જામનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓને આ ગ્રાન્ટનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈ તથા કૃષિ મંત્રી જીતુ વાઘાણી સહિતના ઉચ્ચ મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જામનગર મનપા વતી મેયર મોનિકાબેન વ્યાસ, મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી અને ડેપ્યુટી મેયર રાકેશ ડેર સહિતની ટીમે ઉપસ્થિત રહી ગ્રાન્ટનો સ્વીકાર કર્યો હતો.

રાજ્યની તમામ મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓમાં શહેરી સુવિધાઓનો વ્યાપ વધારવાના શુભ આશયથી ગાંધીનગર ખાતે આ મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાજ્યકક્ષાના સમારોહ દરમિયાન સમગ્ર રાજ્યના શહેરી વિસ્તારોના વિકાસ અર્થે કુલ ₹૩,૮૫૦ કરોડની માતબર રકમના ચેકોનું વિતરણ વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જામનગર શહેરની વસતી અને ભૌગોલિક જરૂરિયાતોને ધ્યાને રાખીને જામનગર મહાનગરપાલિકાના ફાળે ₹૧૦૫ કરોડની મોટી રકમ આવી છે, જેથી શહેરીજનોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. રાજ્ય સરકાર તરફથી મળેલી આ કરોડો રૂપિયાની ગ્રાન્ટના ઉપયોગથી જામનગર શહેરમાં સીસી રોડ, ગટર વ્યવસ્થા, પીવાના શુદ્ધ પાણીની વિતરણ લાઈનો અને એલઈડી સ્ટ્રીટ લાઈટ જેવા પાયાના જનસુવિધાના પ્રોજેક્ટ્સને પ્રાથમિકતાના ધોરણે વેગ આપવામાં આવશે. આ ઉપરાંત શહેરના બ્યુટીફિકેશન, ટ્રાફિક વ્યવસ્થા અને જાહેર બગીચાઓના નવીનીકરણ સહિતના વિકાસ કાર્યો હાથ ધરાશે. મનપાના પદાધિકારીઓએ આ નાણાકીય સહાય બદલ મુખ્યમંત્રી અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ ગ્રાન્ટથી જામનગરના વિકાસને નવી ઊંચાઈ મળશે.

## જામનગરમાં જર્જરિત મકાનની દીવાલમાંથી પથ્થરો પડ્યાઃ મનપાની એસ્ટેટ અને ફાયર ટીમ સ્થળ પર





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રૂગનાથ શેરી લુહાર જ્ઞાતિની વાડી વિસ્તારમાં સેન્ટ્રલ બેન્ક સામે આવેલા એક અત્યંત જર્જરિત મકાનની દીવાલમાંથી અચાનક પથ્થરો પડવાનો બનાવ બન્યો હતો. મકાનમાંથી ધડાકાભેર પથ્થરો નીચે પડવાના અવાજથી આસપાસના રહીશો અને રસ્તા પરથી પસાર થતા લોકોમાં ભારે ભય ફેલાયો હતો તેમજ દોડધામ મચી જવા પામી હતી. બનાવ અંગેની જાણ થતાં જ જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ગાડીઓ

અનુ પાના નં.૨ પર

## જામનગર જિલ્લાના દરિયાકાંઠે મરીન કમાન્ડોનું મેગા પેટ્રોલિંગ ઓપરેશન

### બાલાચડી, સચાણા જેટ્ટી, સચાણા શિપ બ્રેકિંગ યાર્ડ કોસ્ટલ વિસ્તારમાં સઘન ચેકિંગ; રાષ્ટ્રીય સુરક્ષા માટે એજન્સીઓ સંપૂર્ણ સતર્ક

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં દરિયાઈ સરહદોનું મહત્વ સતત વધી રહ્યું છે. ખાસ કરીને ગુજરાત જેવા લાંબા દરિયાકાંઠા ધરાવતા રાજ્યમાં દરિયાઈ સુરક્ષા માત્ર કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો નહીં પરંતુ સીધી રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલ વિષય છે. હાલ વેસ્ટ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવપૂર્ણ સંબંધો તેમજ વૈશ્વિક ભૂરાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દેશની સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. આવા સંજોગોમાં દરિયાઈ માર્ગોનો ઉપયોગ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, આતંકવાદી ઘૂસણખોરી, હથિયારોની હેરાફેરી, નશીલા પદાર્થોનો વેપાર અથવા દેશવિરોધી કાવતરાઓને રોકવા માટે સુરક્ષા તંત્ર સતત સક્રિય છે.

આ જ અભિગમને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સલામતી, જાહેર વ્યવસ્થા અને દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા જામનગર જિલ્લાના વિવિધ દરિયાકાંઠા વિસ્તારોમાં વિશેષ સઘન કોસ્ટલ પેટ્રોલિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તા.૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાયેલા આ વિશેષ ઓપરેશનનો મુખ્ય હેતુ દરિયાઈ માર્ગો મારફતે થતી કોઈપણ ગેરકાયદેસર, અસામાજિક, આતંકવાદી અથવા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને અટકાવવાનો હતો.

જામનગર જિલ્લો ગુજરાતના સૌથી મહત્વપૂર્ણ દરિયાકાંઠા વિસ્તારોમાંનો એક ગણાય છે. અહીં આવેલા બંદરો, ઉદ્યોગો, ઓઈલ ટર્મિનલ, જેટીઓ અને અન્ય વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સ્થાપનોને કારણે આ વિસ્તાર સુરક્ષા એજન્સીઓ માટે સતત પ્રાથમિકતા ધરાવે છે. જામનગરનો દરિયાકાંઠો માત્ર માછીમારી માટે જ નહીં પરંતુ ઔદ્યોગિક અને વ્યાપારી દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વનો હોવાથી અહીં સુરક્ષામાં કોઈપણ પ્રકારની બેદરકારી ગંભીર પરિણામો લાવી શકે છે.

એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (એટીએસ) અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્માના સિધા માર્ગદર્શન હેઠળ તેમજ દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ

અનુ પાના નં.૨ પર

## જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના જુના બિલ્ડીંગમાં વીજ પુરવઠો ખોરવાયો : દર્દીઓ પરેશાન

### સામાન્ય વરસાદના ઝાપટાથી વીજ વિક્ષેપ : રાત્રીના અંધારપટ છવાતા મોબાઈલ ટોર્ચનો સહારો

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના જૂના બિલ્ડિંગમાં વરસાદી ઝાપટા બાદ અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જતાં સમગ્ર હોસ્પિટલમાં અંધારપટ છવાઈ ગયો હતો. પાવર ગુલ થઈ જવાના કારણે હોસ્પિટલની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી અને સારવાર અર્થે આવેલા દર્દીઓ તેમજ તેમના પરિવારજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હોસ્પિટલની કેસ બારીમાં અંધારું છવાઈ જતાં કર્મચારીઓએ મોબાઈલ ફોનની લાઈટના અજવાળે કેસ કાઢવાની ફરજ પડી હતી. એટલું જ નહીં, ફરજ પરના તબીબોએ પણ મોબાઈલની લાઈટના સહારે દર્દીઓની તપાસ કરવી પડી હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ ઈલેક્ટ્રિશિયનોની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. બે કલાકની ભારે જહેમત બાદ માલૂમ પડ્યું હતું કે હોસ્પિટલના વર્ષો જૂના આંતરિક વાયરિંગમાં શોર્ટ સરકિટ કે ફોલ્ટ થવાના કારણે આ સમસ્યા સર્જાઈ હતી. વાયરિંગના આંતરિક ફોલ્ટના કારણે જનરેટરનો પાવર પણ આગળ વહન થઈ શક્યો નહોતો. આ અંગે પીજીવીસીએલ તંત્રએ સ્પષ્ટતા કરી હતી કે તેમના લેવલે વીજ પુરવઠો સંપૂર્ણ ઓકે હતો અને આ સમસ્યા માત્ર હોસ્પિટલના આંતરિક વાયરિંગના કારણે જ સર્જાઈ હતી.

અત્રે નોંધનીય છે કે સરકારી જી.જી. હોસ્પિટલના જૂના બિલ્ડિંગમાં વીજ પુરવઠો ખોરવાઈ જવાનો આ બનાવ ત્રીજીવાર બન્યો છે. નવા બિલ્ડિંગમાં પાવર ચાલુ રહ્યો હતો પરંતુ જૂના બિલ્ડિંગમાં વારંવાર આ જ સમસ્યા સામે આવી રહી છે. હોસ્પિટલમાં સંગ્રહિત વેક્સિનની કોલ્ડ ચેઈન ખોરવાઈ જતાં વેક્સિન નિષ્ક્રિય થઈ જવાનું મોટું જોખમ રહેલું છે. વારંવાર બનતા આ પ્રકારના બનાવો છતાં તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં ન આવતાં દર્દીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. તબીબી વર્તુળોમાં પણ આ જૂના બિલ્ડિંગનું તમામ વાયરિંગ તાકીદે બદલવા અને મજબૂત વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાની માંગ ઉઠી છે.


## તંત્રી સ્થાનેથી..

# જળવાયુ પરિવર્તન !

જમીન ધસવાની આ પ્રક્રિયા પાછળ કોઈ કુદરતી ભૂકંપ કે ભૌગોલિક આફત જવાબદાર નથી, પરંતુ આપણો જ અણઘડ અને આંધળો વિકાસ જવાબદાર છે. જમીન નીચેથી બેફામપણે ભૂગર્ભજળ ઉલેચવું, તેલ અને ગેસનું અનિયંત્રિત ખનન કરવું અને વેટલેન્ડ્સ (ભેજવાળી જમીન) ને સૂકવીને તેના પર સિમેન્ટ-કોંક્રીટના અબજો ટનના જંગલો ઊભા કરવા 'આ તમામ પ્રવૃત્તિઓ જમીનના આંતરિક બંધારણને ખેદાનમેદાન કરી નાખે છે. ભૌતિક વિજ્ઞાનનો એક સાદો નિયમ છે : જ્યારે તમે જમીનની નીચે રહેલા પાણી કે પ્રવાહીને પમ્પ કરીને બહાર કાઢો છો, ત્યારે ખાલી પડેલી જગ્યા દબાણને કારણે સંકોચાય છે. પરિણામે ઉપરની જમીન નીચે બેસી જાય છે. સીધા શબ્દોમાં કહીએ તો, મહાનગરો પોતાની વધતી વસ્તીની અને ઉદ્યોગોની પાણીની જરૂરિયાત પૂરી કરવા પાતાળને ખાલી કરી રહ્યાં છે, અને તેના જ વજન હેઠળ આખું શહેર ધીમે ધીમે પાતાળ તરફ સરકી રહ્યું છે. આ કોઈ ભવિષ્યમાં થનારી કાલ્પનિક ઘટના નથી. જકાર્તા, બેંગકોક, મનિલા અને વિશ્વના અનેક ડેલ્ટા શહેરો (નદીના મુખત્રિકોણ પ્રદેશમાં વસેલા શહેરો) આજે આ જ ભયાનક વાસ્તવિકતાનો પ્રત્યક્ષ સામનો કરી રહ્યા છે. ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા તેનું સૌથી જીવંત અને કરુણ ઉદાહરણ છે. ભૂગર્ભજળના અતિશય શોષણને કારણે જકાર્તા એટલી ઝડપથી સમુદ્રમાં ગરકાવ થઈ રહ્યું છે કે ઈન્ડોનેશિયાની સરકારે હાર માનીને રાજધાની જ અન્ય સ્થળે ખસેડવાનો ઐતિહાસિક અને ખર્ચાળ નિર્ણય લેવો પડ્યો છે. બેંગકોક અને મનિલા જેવા એશિયન મહાનગરો પણ દર વર્ષે સેન્ટીમીટરોના હિસાબે જમીનમાં ધસી રહ્યા છે. જ્યારે ઉપરથી ભારે વરસાદ ખાબકે અને નીચેથી સમુદ્રનું સ્તર આગળ વધે, ત્યારે નીચે બેસી ગયેલા આ 'ખાડામાં વસેલા' શહેરો પાસે પાણીના નિકાલનો કોઈ માર્ગ બચતો નથી. તેઓ કોંક્રીટના એવા કટોરા બની ગયા છે જે માત્ર છલોછલ ભરાઈને ડૂબવાની રાહ જોઈ રહ્યા છે. આ સમગ્ર પ્રક્રિયા હવે એક એવા 'વિષચક્ર'નું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે, જેમાંથી બહાર આવવું લગભગ અશક્ય લાગી રહ્યું છે. શહેરોને જીવતા રહેવા માટે મીઠા પાણીની અનિવાર્ય જરૂર છે. આ જરૂરિયાત પૂરી કરવા તેઓ વધુ ને વધુ ભૂગર્ભજળ ખેંચે છે, જેનાથી શહેરની જમીન વધુ બેસી જાય છે. જમીન નીચી જવાને કારણે સમુદ્રનું ખારું પાણી શહેરમાં સરળતાથી પ્રવેશે છે અને જમીનમાં ઉતરીને બાકી બચેલા મીઠા પાણીના ભંડારોને પણ પ્રદૂષિત કરી નાખે છે.



## હાલારના હાલહવાલ



# ૧૩ વર્ષની સગીરા ઉપર દુષ્કર્મ ગુજારવાના કેસમાં આરોપીને ૨૦ વર્ષની જેલ

**સમય સંદેશઃ જામનગર**

માળીયા મીયાણાના વતની અને પાંચ સંતાનોના પિતા એવા ૩૦ વર્ષીય આરોપી સલીમ હાજી જામ પોતે પરણેલો હોવા છતાં, ૧૩ વર્ષીય ભોગ બનનાર સગીરા સાથે ફોન પર સંપર્ક કરી તેને પોતાની પાસે બોલાવી હતી. ત્યારબાદ આરોપી સગીરાને મોરબી ખાતે પોતાના ભાભીના ઘરે તેમજ મોરબીની એક હોટેલમાં લઈ ગયો હતો, જ્યાં સગીરાની ઈચ્છા વિરુદ્ધ તેણીની સાથે દુષ્કર્મ આચ્યું હતું.

જે અંગેની જોડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. જામનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવ્યું હતું. આ કેસમાં સરકારી વકીલ ભારતીબેન વાદી દ્વારા રજુ કરાયેલા તમામ પુરાવા અને દલીલોને ધ્યાનમાં રાખીને સલીમ જામને તકસીરવાન ઠેરવ્યો હતો. અદાલતે પોક્સો કલમ ૪ અને ૬ હેઠળ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૨૦ હજાર ના દંડની સજા સંભળાવી છે. આ ઉપરાંત પોક્સો કલમ ૮અને ૧૨ હેઠળ ૩ વર્ષની સખત કેદની સજાનો પણ હુકમ કર્યો છે.

## ઓખામાં માછીમાર યુવાનને હૃદયરોગનો જીવલેણ હુમલો

**સમય સંદેશઃ ઓખા**

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મૂળ રહીશ અને હાલ ઓખા આર.કે. બંદર વિસ્તારમાં રહેતા કલ્પેશકુમાર હસુભાઈ હળપતિ નામના ૩૫ વર્ષના માછીમાર યુવાન રવિવારે સાંજના સમયે જેટી ઉપર બેઠા હતા. ત્યારે તેમને એકાએક હૃદયરોગનો ઘાતક હુમલો આવી જતા તેમને સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગેની જાણ ગણેશભાઈ હિરુભાઈ ટંડેલએ ખોખા મરીન પોલીસને કરી છે.

# જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામે ગળેફાંસો ખાઈ યુવાનનો આપઘાત

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામમાં રહેતા ધરમેન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ. ૨૭), વ્યવસાયે ડ્રાઈવિંગ, તા. ૯ ઓગસ્ટના રાત્રિના ૮:૩૦થી રાત્રિના ૧૧ વાગ્યા દરમિયાન કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં સાડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો.

આ અંગે પરિવારજનોને બનાવની જાણ થતાં તેઓએ પોલીસને જાણ કરી હતી. બનાવ અંગે તા. ૧૦ ઓગસ્ટના વહેલી સવારે ૪ વાગ્યે શેઠવડાળા પોલીસ મથકે બી.એન.એસ.એસ. કલમ ૧૯૪ મુજબ અપમૃત્યુનો ગુનો નોંધવામાં આવ્યો છે.

આ બનાવ અંગે મૃતકના પિતા ગજેન્દ્રસિંહ આણદુભા જાડેજા (ઉ.વ. ૬૫)એ જાહેર કરનાર તરીકે પોલીસ સમક્ષ જાણ કરી હતી. શેઠવડાળા પોલીસ મથકના પોલીસ હેડ કોન્સ્ટેબલ એન.એન. આસાણી દ્વારા બનાવ અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે.

## ઓખામાં માછીમાર યુવાનનો ગળાફાંસો ખાઈને આપઘાત

ઓખાના આર.કે. બંદર વિસ્તારમાં આવેલી સીરાજી જેટી પાસે રહેતા અને મૂળ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના રહીશ એવા સોમાભાઈ વીરાભાઈ ચૌહાણ નામના ૩૫ વર્ષના માછીમાર યુવાને રવિવારે રાત્રિના કોઈપણ સમયે સીરાજી જેટીમાં એક આસામીની નૂરાની નામની બોટમાં કોઈ અગમ્ય કારણોસર લોખંડના હુકમાં દોરડું બાંધીને ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે ઉનાના મૂળ રહીશ જયંતીભાઈ વીરાભાઈ ચૌહાણની નોંધ પરથી ઓખા મરીન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# ભાણવડ પંથકમાં ૧૩ અબોલ જીવોનું રેસ્કયુ



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ પંથકમાં અબોલ જીવોની સેવા માટે હર-હંમેશ કાર્યરત એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માનવતા અને સાહસનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતી ખૂબ જ પ્રશંસનીય કામગીરી સામે આવી છે.

છેલ્લા એક અઠવાડિયા દરમિયાન ફતેપુર, ઘુમલી, સઈ દેવળિયા, રોજીવાડા અને ખરવાડ સહિતના ગામોમાં આવેલા ઊંડા કૂવાઓમાં ખાબકેલા કુલ ૧૩ અબોલ જીવોને સુરક્ષિત બહાર કાઢી નવજીવન આપ્યું છે. ટ્રસ્ટની ટીમે હાઈડ્રોલિક એનિમલ એમ્બ્યુલન્સની મદદથી અને જીવના જોખમે કૂવામાં ઉતરીને ૬ શ્વાન, ૧ શિયાળ, ૩ બિલાડી, ૩ સાપને આબાદ બહાર કાઢી સ્થળ પર જ મુક્ત કર્યા હતા. આ સાહસિક કામગીરીમાં કૂવામાં ઉતરવાનું જોખમ લાલુ કારાવદરા, વિશાલ ભરવાડ અને હારુનભાઈએ ઉઠાવ્યું હતું. આ સમગ્ર ઓપરેશનને સફળ બનાવવામાં ટ્રસ્ટના પ્રમુખ અશોકભાઈ ભટ્ટ, વિજય ખૂંટી, મેરામણ ભરવાડ, દૂદાભાઈ, અનિલ પરમાર અને અક્ષય સૂચકે મહત્વનું યોગદાન આપ્યું હતું. ટ્રસ્ટની આ કામગીરીને સમગ્ર પંથકમાં બિરદાવવામાં આવી રહી છે.

## નામ સુધારેલ છે

આથી હું જાહેર કરૂ છુ કે મારૂ નામ સુધારીને જેનમબાઈ મોહમદ સીદીક ફુલવાલા માંથી જેનમબેન ફુલવાલા કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી

**સરનામું**

કમાગર મસ્જિદ સામે, લિંડી બઝાર, જામનગર-૩૬૧૦૦૧

# ભોગાતના યુવાનને મારી નાખવાની ધમકી સબબ રાવ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ભોગત ગામે રહેતા પ્રવીણભાઈ નાથાભાઈ ભાટિયા નામના ૩૦ વર્ષના આહિર યુવાન તેમના મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે આ જ ગામના કિશન ધરણાંતભાઈ લગારીયા નામના શખ્સે તેમને માર્ગમાં અટકાવી, બિભત્સ ગાળો ભાંડી, તેમના મોટરસાયકલમાં તોડફોડ કરીને રૂ. ૧૫,૦૦૦ ની નુકસાની પહોંચાડી હતી. આટલું જ નહીં, આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપતા આ સમગ્ર મામલે કલ્યાણપુર પોલીસે આરોપી સામે બી.એન.એસ. અને જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

# ખંભાળિયામાં જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લેવાયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના ગાયત્રી નગર વિસ્તારમાં રહેતા અને કેળાની વખાર ધરાવતા સંદીપ પરસોતમભાઈ નાગર નામના ૪૦ વર્ષના શખ્સ એ પોતાના અંગત ફાયદા માટે પોતાની વખારમાં નાલ ઉઘરાવીને ચલાવાતા જુગારના અખાડા પર પોલીસે દરરોજ પાડ્યો હતો. આ સ્થળેથી પોલીસે સંદીપ પરસોતમ નાગર, જીતેન્દ્રસિંહ હેમતસિંહ વાળા, ખેરાજ જેસા કારીયા અને ભીખુ રાયા ધારાણી નામના ચાર શખ્સોને રૂ. ૨૧, ૧૦૦ ની રોકડ રકમ સાથે જુગાર રમતા ઝડપી લીધા હતા. દ્વારકા પોલીસની કાર્યવાહીમાં રૂપેણબંદર ચેકપોસ્ટ પાસે બાવળની જાળી નીચે બેસીને ગંજીપત્તા વડે જુગાર રમતા અજય દિલીપ દેવીપુજક, વિનુ ગોવિંદ સોલંકી, નવાજ ઈકબાલ શેખ, ધર્મેશ ઉર્ફે ગાંડો અશોક વાઘેલિયા અને ભાવેશ ઉર્ફે ભાડો રમેશ વાસાણીને રૂ. ૧૨,૬૫૦ ની રોકડ રકમ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. અન્ય એક કાર્યવાહીમાં દ્વારકા પોલીસે આકાશ અશોક દેવીપુજક અને સંજય જાદવ વાઘેલાને ચલણી નોટોના નંબર ઉપર એકીબેકીનો જુગાર રમતા ઝડપી લીધા હતા.

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરપર્સન તરીકે વર્ષાબેન માકડિયાની બિનહરીફ વરણી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના નવા ચેરપર્સન તરીકે લાલપુરના દંડક વર્ષાબેન તુષારભાઈ માકડિયાની બિનહરીફ વરણી કરવામાં આવી છે. તેમની આ મહત્વપૂર્ણ પદ પર પસંદગી થતાં શિક્ષણ આલમમાં ખુશીનો માહોલ છવાયો છે. વરણી બાદ ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાંત ખાખરીયાએ વર્ષાબેન માકડિયાને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી હતી અને આગામી સમયમાં તેમના નેતૃત્વ હેઠળ જિલ્લાનું શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રગતિ કરે તેવી ઉત્તમ સફળતાની કામના વ્યક્ત કરી હતી.

# જામનગરમાં ભૈરવ યજ્ઞ કરી હિન્દુ સેના એ ઉજવ્યો સ્થાપના દિવસ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ભારતમાં આસુરી શક્તિના સર્વનાશ અર્થે જામનગરમાં હિન્દુ સેનાએ ભૈરવ યજ્ઞ કરી સ્થાપના દિવસ ઉજવ્યો હતો. ભારતમાં કોઈના કોઈ બહાને અસુરી શક્તિએ પ્રકોપ ફેલાવ્યો છે. આ દેશને તોડવા અસુરી શક્તિનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે ઘણા સાંપ્રદાયો હાથ ધોઈ હિન્દુ સનાતન ધર્મને મિટાવવા આગળ વધી રહ્યા છે આ એક અસુરી શક્તિ સામે લડવા ભૈરવ યજ્ઞ દ્વારા હિન્દુ સેના પોતાનો સ્થાપના દિવસ ઉજવી રહી છે. ખરેખર આ દેશમાં હિન્દુ સનાતન ધર્મ પર મોટા સંકટો આવી રહ્યા છે અને જેમાં મોટા સંડયંત્રો ચાલી રહ્યા છે તેમજ અન્ય સંપ્રદાયો પોતાના ધર્મને લઈ હિન્દુ સનાતન ધર્મને તોડવા અથાગ પ્રયત્ન કરી રહ્યા છે, જેમાં લવ જેહાદ, લેન્ડ જેહાદ, આતંકવાદ જેવા અનેક પરિબળો કામ કરી રહ્યા છે, જેની સામે હિંદુ સેના સખત સંઘર્ષ સાથે લડી રહી છે અને હિન્દુ સેનાને ૧૫ વર્ષ પૂર્ણ કરી ૧૦ ઓગસ્ટે ૧૬માં વર્ષ માં પ્રવેશતા હિન્દુ સેના આસુરી શક્તિના નાશ માટે ભૈરવ યજ્ઞ કરી હિન્દુ સેનાના સ્થાપના દિવસ ઉજવી રહ્યા છે.

## અનુસંધાન

### વિદેશી-દેશી દારૂ

(પાના નં. ૪ થી આગળ)

મથકમાં ગુનો નોંધ્યો હતો. દરોડા દરમિયાન આરોપી સન્ની હાજર ન મળી આવતાં પોલીસે તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### બેંક એકાઉન્ટ ભાડે

(પાના નં. ૪ થી આગળ)

સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા આ કિસ્સાના આધારે જાહેર જનતા માટે એક ચેતવણી અને સૂચના જારી કરવામાં આવી છે. જે મુજબ, કોઈપણ વ્યક્તિએ પોતાના કે પોતાની પેઢીના નામે ખોલાવેલું બેન્ક એકાઉન્ટ ટૂંકા સમયગાળામાં વધુ પૈસા કમાવાની કે કમિશન મેળવવાની લાલચમાં કોઈ અજાણી કે ત્રાહિત વ્યક્તિને વાપરવા આપવું એ કાયદાકીય રીતે ગંભીર ગુનો છે. આવા કિસ્સામાં બેન્ક એકાઉન્ટ ધારક પણ ગુનાનો ભાગીદાર બને છે અને તેની સામે પણ કાયદેસરની પોલીસ કાર્યવાહી થઈ શકે છે. આથી આવી કોઈ પણ પ્રકારની નાણાકીય લાલચથી દૂર રહેવા અને જો આસપાસ આવી કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ થતી જણાય તો તાત્કાલિક સ્થાનિક પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

### જામનગરમાં કચરા

(પાના નં. ૪ થી આગળ)

'ગુજરાત કામદાર સહકારી લી. વતી પરમેનન્ટ સોલ્યુશન સર્વિસ'ને કચરો ઉઠાવવાની કામગીરી સોંપવામાં આવી છે. આ કૌભાંડમાં સોલિડ વેસ્ટ શાખાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે ખુલ્લેઆમ મિલીભગત હોવાના આક્ષેપ થયા છે. એક એજન્સી ગેરકાયદે વે બ્રિજ પર વજન કરાવે છે, તો બીજી એજન્સી પોતાના ખાનગી કાંટા પર વજન દર્શાવે છે. મનપાના કોઈ અધિકારી સ્થળ ચકાસણી માટે જતાં નથી અને તપાસ વગર જ લાખો રૂપિયાના બિલ પાસ કરી દેવામાં આવે છે. બીજી તરફ, વોર્ડ ૧૧ના ગુલાબનગર નજીક કચરાનો પહાડ ખડકાઈ જતાં રોગચાળાનો ભય ઊભો થયો છે અને પ્લાસ્ટિક ખાવાથી ગૌવંશના મોત પણ થઈ રહ્યા છે.

આ ગંભીર ગેરરીતિ ઉજાગર થયા બાદ ટેન્ડરની શરતોનો અનાદર કરવા બદલ બંને એજન્સીઓના કોન્ટ્રાક્ટ તુરંત રદ કરી તેમને બ્લેકલિસ્ટ કરવાની જોરદાર માંગણી ઉઠી છે. આ ઉપરાંત સમગ્ર પ્રકરણની વિજિલન્સ મારફતે તટસ્થ તપાસ કરાવી સંડોવાયેલા અધિકારીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવા અને ગુલાબનગર નજીકના ડમ્પિંગ પોઈન્ટને તાત્કાલિક શહેરની બહાર ખસેડવા માટે રજૂઆત કરવામાં આવી છે.

### બીટેકની છાત્રા પબજી

(પાના નં. ૪ થી આગળ)

વડા દ્વારા જાહેર જનતાને ખાસ અપીલ કરવામાં આવી છે. જે મુજબ, સોશિયલ મીડિયા કે ગેમિંગ પ્લેટફોર્મ પર અજાણ્યા વ્યક્તિ સાથે મિત્રતા થયા બાદ પોતાના અંગત ફોટો કે વીડિયો ક્યારેય શેર ન કરવા જોઈએ. જો કોઈ વ્યક્તિ આવા બ્લેકમેલિંગનો ભોગ બને તો તેને કોઈ પણ પ્રકારની ખંડણી આપવાને બદલે તાત્કાલિક દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઇમ પોલીસ અથવા નજીકના પોલીસ મથકનો સંપર્ક સાધવા જણાવાયું છે.

### રેતી ખનન

(પાના નં. ૪ થી આગળ)

માલિકીનું લોડર મશીન (GJ-36-S-1969) ગેરકાયદેસર સંગ્રહ અને ખનન માટે વપરાતું હતું. મછાભાઈ ઝાપડાના ડમ્પર (GJ-13-AT-8453) માંથી સાદી રેતી ખનીજનું ગેરકાયદેસર વહન થતું હતું, જ્યારે ફહિમભાઈ દલનું ખાલી ડમ્પર (GJ-13-AW-3200) પણ ગેરકાયદેસર વહનમાં સંડોવાયેલું હતું.

તપાસ ટીમે કાયદેસરની કાર્યવાહી કરીને તમામ વાહનોને નિયમાનુસાર સીઝ કર્યા હતા. આ વાહનોને પંચકોશી 'અ' પોલીસ સ્ટેશન, ધુંવાવ ખાતે કસ્ટડીમાં સોંપવામાં આવ્યા છે અને આગળની દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### બેખૌફ લૂંટ

(પાના નં. ૪ થી આગળ)

પ્લેટ વગરની બાઇક લઈને ભાગી છૂટ્યા હતા. બાદમાં મનોજભાઈએ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી અને સોર્સના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### જિલ્લા પંચાયત

(પાના નં. ૩ થી આગળ)

વિપક્ષી નેતા પરબતભાઈ ગાગીયાએ શિક્ષણ સમિતિની રચનામાં દરખાસ્તની ભૂલ અને ખેતરોમાં આડેધડ વીજથાંભલા ખોદવાથી ખેડૂતોને પડતી હાલાકીનો મુદ્દો ઉઠાવી કડક કાર્યવાહીની માંગ કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે પ્રશ્નોના જવાબો છેલ્લી ઘડીએ અપાતા હોવાથી અભ્યાસનો સમય મળતો નથી અને સત્તાપક્ષ વિકાસના નામે ઉલ્ટા ચશ્મા પહેરાવે છે. વિપક્ષી નેતાએ શાસક પક્ષને પ્રજાકીય પ્રશ્નો અને વિપક્ષના સૂચનો ધ્યાને લઈ ત્વરિત ઉકેલ લાવવા અપીલ કરી હતી.

### મેગા પેટ્રોલિંગ ઓપરેશન

(પાના નં. ૧ થી આગળ)

મહાનિરીક્ષક એ. એમ. મુનિયા તથા મરીન ટાસ્ક ફોર્સ, હજીરાના પોલીસ અધિક્ષક એસ. જે. પરમારના નેતૃત્વ તથા નાયબ પોલીસ અધિક્ષક કે.પી.પારેખના માર્ગદર્શન હેઠળ આ વિશેષ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સ, જામનગર સેક્ટરના પોલીસ ઇન્સ્પેક્ટર ધરમવીર આર.

### સંસદ ઠપ્પ

(પાના નં. ૧ થી આગળ)

કહેવું છે કે અમિત શાહ નિવેદન આપવા માટે તૈયાર છે. તેઓ વિપક્ષના દરેક સવાલનો જવાબ આપશે, પરંતુ વિપક્ષે તેમને શાંતિથી સાંભળવા પડશે. બીજી તરફ રાહુલ ગાંધીનું કહેવું છે કે વિપક્ષને અમિત શાહને સાંભળવામાં કોઈ રસ નથી. અમને માત્ર એટલો જવાબ જોઈએ છે કે દિલ્હી પોલીસે વિદ્યાર્થીઓ સામે બર્બરતા શા માટે કરી.

### ફ્લાઈટ દુર્ઘટના

(પાના નં. ૧ થી આગળ)

ગદર અને નિષ્કાળજી સામે આવતાં જ તંત્ર દ્વારા તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી બંને પાયલટોને ફ્લાઈંગ રોસ્ટર પરથી હટાવી દેવામાં આવ્યા છે. દિલ્હી એરપોર્ટ પર ઉતરાણ બાદ તમામ ઈજાગ્રસ્તોને ત્વરિત તબીબી સારવાર પૂરી પાડવામાં આવી હતી.

આ સનસનાટીભર્યા ખુલાસાને પગલે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે લાલ આંખ કરી છે અને મંત્રી રામ મોહન નાયડુના વડપણ હેઠળ ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી એર ઈન્ડિયાના સીઈઓ કેમ્પબેલ વિલ્સનને સમન પાઠવી રૂબરૂ બોલાવ્યા હતા. આ બેઠકમાં નાગરિક ઉડ્ડયન સચિવ સહિત AAIB અને DGCAના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. હવાના અસમાન પ્રવાહના કારણે સર્જાતા ટર્બ્યુલન્સ વચ્ચે પાયલટના નશાકારક પદાર્થ સેવનના આ કિસ્સાએ મુસાફરોની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ખડો કરી દીધો છે.

### માર્શલ આઉટ કરાયા

(પાના નં. ૧ થી આગળ)

આરોપ લગાવ્યો હતો. વિધાનસભા ગૃહમાં ચર્ચા કરવા ન દેવાતાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ વિધાનસભા સંકુલની બહાર પણ ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રી મનજિંદર સિંહ સિરસાના રાજીનામાની માગ સાથે ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે સત્તાપક્ષ આ મહત્વના મુદ્દા પરથી ધ્યાન હટાવવા માંગે છે.

### પુનઃ પ્રવેશ અપાયો

(પાના નં. ૩ થી આગળ)

મ્યુનિસિપલ કમિશનરશ્રી દીપેશ કેડિયા, ડેપ્યુટી મેયરશ્રી રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ધીરેન મોનાણી, સાશક પક્ષના નેતાશ્રી અમર મોદી, નગર પ્રાથમિક શિક્ષક સંઘના ચેરમેનશ્રી પરષોત્તમ કકનાણી, સાશનાધિકારીશ્રી ફાલ્ગુની પટેલ, શ્રી ચંદ્રકાંત ખાખરિયા, કોર્પોરેટરશ્રીઓ, શાળાના શિક્ષકો, અગ્રણીશ્રીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### જર્જરિત મકાનની દીવાલ

(પાના નં. ૧ થી આગળ)

સાથે સ્થળ પર પહોંચી ગઈ હતી. આ સાથે વોર્ડના કોર્પોરેટર અમર કનખરા તેમજ ધવલભાઈ નાખવા પણ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મનપાની ફાયર બ્રિગેડ અને એસ્ટેટ વિભાગની ટીમ સાથે કોર્પોરેટર અમર કનખરા તથા ધવલભાઈ નાખવા દ્વારા સ્થિતિની ગંભીરતા જોઈ ત્વરિત સમીક્ષા કરવામાં આવી હતી. આ જર્જરિત મકાનના કારણે ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના, જાનહાનિ કે અકસ્માત ન સર્જાય તે માટે સમગ્ર વિસ્તારને કવર કરી નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત, મકાનના અત્યંત જોખમી બની ગયેલા ભાગને સુરક્ષિત રીતે દૂર કરવા સહિતની જરૂરી કાયદાકીય અને ડિમોલિશનની કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# સુરત સાયબર ક્રાઈમ સેલનો મોટો ધમાકોઃ જામતારા-પટણા ગેંગના ૪ શાતીર ઠગો ઝડપાયા, ૧૨૫ કરોડથી વધુનું કૌભાંડ ખુલ્યું



**સમય સંદેશઃ સુરત**

સુરત શહેર સાયબર ક્રાઇમ સેલે દેશવ્યાપી સાયબર ફ્રોડ આચરતી એક અત્યંત શાતીર ગેંગનો પર્દાફાશ કરીને મોટી સફળતા મેળવી છે. પોલીસ ટીમે ઝારખંડના જામતારા અને દેવઘરથી લઈને બિહારના પટના સુધી ૨,૪૫૬ કિલોમીટરનો લાંબો પ્રવાસ ખેડી, પટનાની એક હોટલમાંથી માસ્ટરમાઇન્ડ ચાંદ સહિત કુલ ૪ આરોપીઓની ધરપકડ કરી છે. આ ઠગ ગેંગ ડેવલપર પાસેથી માત્ર ₹૮,૦૦૦માં ખતરનાક અડણીં ફાઇલ ખરીદીને જામતારાની અન્ય ગેંગોને ₹૧૦,૦૦૦થી ₹૭૦,૦૦૦ સુધીમાં વેચતી હતી. આરોપી ચાંદે અત્યાર સુધીમાં આવી ૧,૨૪૮થી વધુ APK ફાઇલો ખરીદી અલગ-અલગ ગેંગોને સપ્લાય કરી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

# જામનગરની પ્રાથમિક શાળાઓમાં ૫૦૧ વિદ્યાર્થીઓને પુનઃ પ્રવેશ અપાયો

**સમય સંદેશઃ જામનગર**

શિક્ષણ રાજયમંત્રી શ્રીમતી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને જામનગર શહેરના દિગ્જામ સર્કલ, શાળા નં-૩૧ ખાતે સમરસ વિદ્યાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળામાં પુનઃપ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા આ અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.




તસવીરઃ હિરેન ગાંધી

કાર્યક્રમમાં મંત્રીશ્રી જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ શરૂ થયેલા શિક્ષણલક્ષી અભિયાનોને આગળ વધારતા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સમરસ વિદ્યા સેતુ અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્ય સહિત જામનગર જિલ્લામાં શાળાથી વંચિત, ડ્રોપઆઉટ તેમજ રિફ્યુઝલ થયેલા બાળકોને પુનઃ શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે એક માસીય વિશેષ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ અભિયાનનો મુખ્ય હેતુ જિલ્લાના દરેક બાળક સુધી શિક્ષણનો અધિકાર પહોંચે તથા કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવાનો છે. શાળા પ્રવેશોત્સવ અને પુનઃ પ્રવેશોત્સવની શ્રેણીમાં હાથ ધરાયેલા આ અભિયાન અંતર્ગત જિલ્લામાં બાળકોને પુનઃ શાળામાં દાખલ કરવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ગુજરાતના વિકાસમાં ગુણવત્તાસભર શિક્ષણનું મહત્વપૂર્ણ યોગદાન છે. તેથી દરેક બાળક બાલવાટિકાથી ઉચ્ચ અભ્યાસ સુધી શિક્ષણ પૂર્ણ કરી શકે તે માટે રાજ્ય સરકાર વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી રહી છે.

દીકરીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે રાજ્ય તથા કેન્દ્ર સરકાર દ્વારા વ્હાલી દીકરી યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજના સહિતની વિવિધ યોજનાઓ અમલમાં છે, જેના માધ્યમથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અને પ્રોત્સાહન આપવામાં આવે છે. અભિયાન અંતર્ગત સામાજિક અથવા આર્થિક કારણોસર શાળાથી દૂર રહેલા બાળકો માટે હોમ સ્કૂલિંગ તેમજ શૈક્ષણિક ગેપ ધરાવતા વિદ્યાર્થીઓ માટે બ્રિજ કોર્સની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી તેઓ સરળતાથી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડાઈ શકે. આ કામગીરીમાં આચાર્યો, શિક્ષકો, બીઆરસી-સીઆરસી કો-ઓર્ડિનેટરો, જિલ્લા શિક્ષણ તંત્ર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા નોંધપાત્ર સહયોગ આપવામાં આવી રહ્યો છે..

સમરસ વિદ્યાસેતુ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાથી વંચિત રહેલા તેમજ વિવિધ કારણોસર અભ્યાસ છોડનારા બાળકોને ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો છે. આ અભિયાન અંતર્ગત શિક્ષણ વિભાગ, જિલ્લા તંત્ર તથા નગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વ્યાપક સ્તરે સંપર્ક અને પ્રેરણાત્મક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કાર્યક્રમ અંતર્ગત જામનગર શહેરની શાળાઓમાં બે દિવસમાં કુલ ૫૦૧ વિદ્યાર્થીઓએ પુનઃપ્રવેશ મેળવી શિક્ષણની નવી શરૂઆત કરી છે. કાર્યક્રમમાં મેયર શ્રીમતી મોનિકા વ્યાસ, ધારાસભ્યશ્રી દિવ્યેશભાઈ અકબરી,

અનુ પાના નં.૨ પર

# જામનગર શહેરમાં ક્રિકેટ અને ફૂટબોલ માટેના મેદાન બનાવવાની અનામત રખાયેલ જગ્યાનો ઉપયોગ ક્યારે?

**સમય સંદેશઃ જામનગર**

જે ભુમિએ જામ રણજી, વીનું માંકડ, દુલીપસિંહજી, સલીમ દુર્રાની, અજય જાડેજાથી લઈને વર્તમાન નંબર-વન રેન્ક ધરાવતા ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા જેવા ઈન્ટરનેશનલ ક્રિકેટરો આપ્યા છે. તેવી જામનગરની ક્રિકેટ ભુમિમાં સિઝન અને ટેનીસ ક્રિકેટ તેમજ ફુટબોલ રમવા માટે મેદાનના ફાંફા છે. જામનગર મહાનગરપાલિકા પાસે ક્રિકેટ મેદાન અને ફુટબોલ મેદાન માટેની અનામત રખાયેલી જગ્યા પણ તૈયાર છે, માત્ર જરૂરીયાત છે. તેને સમથળ કરીને યુવા વર્ગને ઉપયોગમાં લેવા આપવાની જરૂરિયાત છે.

જામનગર મહાનગરપાલિકાના કમિશનર દ્વારા તા.૩૦ જાન્યુઆરી-૨૦૨૯ના રોજ આપેલા બજેટમાં સર્વે નંબર-૧૪૪૫ ખાતે સમર્પણ હોસ્પિટલ સામે ક્રિકેટ મેદાન બનાવવાનું કામ પ્રગતિમાં હોવાનું અને ગુલાબનગર મેઈન રોડને અડીને આવેલા જાડાના ટીપી સ્કીમ-૩ / એ ના પ્લોટ નંબર-૮૩ ની ૧૫,૫૫૩ ચોરસ મીટરના વિશાળ પ્લોટમાં ફુટબોલ મેદાન બનાવવાનું કામ પ્રગતિ હેઠળનું દેખાડવામાં આવ્યું હતું. પરંતુ વાસ્તવમાં આ જગ્યાએ સોલીડ વેસ્ટ વિભાગની સાધન સામગ્રી મોટો સ્ટોર્સ હયાત છે. બાદમાં તારીખ ૧૮ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ જનરલ બોર્ડમાં ફુટબોલ મેદાનવાળી જગ્યામાં ફેરફાર જોવા મળ્યો. આ જગ્યા ટીપી સ્કીમ નંબર-૧ના ફાઈનલ પ્લોટ નંબર-૯૧ની પોલીસ હેડક્વાર્ટર પાસેની સરલાબેન આવાસ યોજનાની બાજુવાળી દર્શાવવામાં આવી હતી. જેની સાઈઝ ૧૨,૦૪૩ ચોરસ મીટર છે.

તંત્રએ આ જ સ્થળેથી સ્પોર્ટસ કોમ્પ્લેક્સનો પ્રોજેક્ટ વિશાલ હોટલ પાસેના ટીપી સ્કીમના ફાઈનલ પ્લોટ નંબર-૯૮માં ફેરવી નાંખ્યો છે. જ્યાં હાલ પાયા ભરાવાનું કામ ચાલુ કરવામાં આવ્યું છે. આ સ્થળે કક્ષાનું રૂ.૪૨ કરોડના ઈન્ટરનેશલન કક્ષાનું ખર્ચે સ્થોર્ટસ કોમ્પ્લેક્સ બનાવવાનું મ્યુ. તંત્રએ જાહેર કરેલું છે. જે સારી અને આવકારદાયક બાબત છે.પરંતુ મ્યુ. તંત્ર હાલ હયાત અને જેના ઉધાયોગ પણ નિર્ધારિત છે. તેવા સમર્પણ હોસ્પિટલ સામેના અને પોલીસ હેડક્વાર્ટર બાજુના મેદાનનો ક્રિકેટ અને ફુટબોલ માટે સમર્પિત કરીને ભાવી પેઢીને રમતમાં આગળ વધવાની તક આપવી જોઈએ. તેવી સમયની માંગ છે.

# નાગપુર ગ્રામ પંચાયતના વિવાદમાં સરપંચના પિતાએ ઉપસરપંચને ચાલુ બાઈકે પછાડી, ધમકાવ્યા

**સમય સંદેશઃ જામનગર**

કાલાવડ-જામનગર હાઈવે પર મતવા ગામ નજીક નાગપુર ગામના ઉપસરપંચ કૌશીકભાઈ માવજીભાઈ કાનાણી (ઉ.વ. ૩૯) પર ચાલુ બાઈકે હુમલો કરી જીવલેણ ધમકી આપવાનો બનાવ સામે આવ્યો છે. ગત તા. ૮ ઓગસ્ટના રોજ કૌશીકભાઈ પોતાના ઈલેક્ટ્રિક બાઈક પર જામનગર આવી રહ્યા હતા, ત્યારે મતવા ગામના પાટિયા નજીક આરોપી રામજી ઉર્ફે ભૂસાભાઈ ગાંગજીભાઈ સીંગલે પોતાનું મોટરસાયકલ બાજુમાં લાવી ગાળો આપી બાઈક રોકવા કહ્યું હતું. કૌશીકભાઈએ બાઈક ન રોકતા આરોપીએ પાટુ મારી પાછળથી ટક્કર મારતા તેઓ રોડ પર પટકાયા હતા.

અકસ્માતમાં પટકાયા બાદ આરોપી રામજીભાઈએ મોટરસાયકલ ઊભું રાખી ''પંચાયતના કામમાં ટાંગ ન ભરાવતો, નહીં તો જીવતો નહીં રહેવા દઉં'' તેમ કહી ગંભીર ધમકી આપી હતી. આ ઘટના બાદ રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો એકઠા થઈ જતાં આરોપી ત્યાંથી ભાગી છૂટયો હતો. ઈજાગ્રસ્ત ઉપસરપંચે ૧૦૮ મારફતે જી.જી. હોસ્પિટલ અને બાદમાં દ્વારકેશ આઈ.સી.યુ. ટ્રોમા સેન્ટરમાં સારવાર મેળવી હતી, જ્યાં તેમના જમણા પગની ઘૂંટીમાં ફ્રેક્ચર થતાં ઓપરેશન કરી પ્લેટ બેસાડવામાં આવી છે. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ તા. ૧૦ ઓગસ્ટે તેમણે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ તપાસમાં સામે આવેલી વિગત મુજબ, નાગપુર ગ્રામ પંચાયતમાં આરોપી રામજીભાઈના પુત્ર નરેન્દ્રભાઈ સરપંચ પદે છે. તાજેતરમાં ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી હતી. આ રાજકીય મનદુઃખ અને વેરઝેર રાખીને આરોપીએ ઉપસરપંચ કૌશીકભાઈ પર હુમલો કરી ઝઘડો કર્યો હોવાનો આરોપ ફરિયાદમાં લગાવવામાં આવ્યો છે, જેના આધારે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભા મળીઃ ૫.૭૦ કરોડના વિકાસ કામો મંજૂર, સભામાં પ્રોટોકોલનો ભંગ થતાં વિવાદ

## પ્રમુખ રંજનબેન જીવાણીના અધ્યક્ષસ્થાને બિનખેતી ઉપકર સહિત સાત ઠરાવ પાસઃ મહિલા સદસ્યના બદલે પૂર્વ નેતાએ પ્રશ્નો રજૂ કરતા પાસ પ્રથા અમલી બનાવવા વિચારણા





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયતની ચતુર્થ સામાન્ય સભા મહિલા પ્રમુખ રંજનબેન જીવાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં બિનખેતી આકાર ઉપર એક રૂપિયે દોઢસો પૈસા ઉપકર દાખલ કરવા સહિતના તમામ સાત ઠરાવોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ૧૬મા નાણાપંચના વર્ષ ૨૦૨૬-૨૭ના આયોજન અંતર્ગત કુલ ₹૫.૭૦ કરોડના ૮૨ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી, જેમાં અનટાઈડ ઘટકના ₹૩.૨૯ કરોડના ૪૮ કામો અને ટાઈડ (સ્વચ્છતા) ઘટકના ₹૨.૪૧ કરોડના ૩૪ કામોનો સમાવેશ થાય છે. સાથે જ ૧૫મા નાણાપંચના વ્યાજ-બચતના ₹૨.૩૬ કરોડના સુધારા આયોજન અને રેતી રોયલ્ટી તથા સ્ટેમ્પ ડ્યુટી ગ્રાન્ટ હેઠળના લાલપુર, જામનગર, કાલાવડ, જોડિયા અને જામજોધપુરના મળી કુલ ૯ કામોના સ્થળ તથા સ્વરૂપ ફેરફારને મંજૂરી અપાઈ હતી.

દરમિયાન, આ સામાન્ય સભામાં સંભવતઃ ફરી એકવાર પ્રોટોકોલનો ભંગ થતાં રાજકીય વિવાદ સર્જાયો હતો. નિકાવા બેઠકના વિપક્ષી મહિલા સદસ્યાની બાજુમાં આરૂઢ થઈ પૂર્વ વિપક્ષી નેતા જયંતીભાઈ મારવીયાએ પોતે સભ્ય ન હોવા છતાં ચેર સમક્ષ રજૂઆત કરી પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો. આ મામલે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખે જણાવ્યું હતું કે આ અંગે પ્રમુખનું ધ્યાન દોરવામાં આવ્યું છે અને આવી રીતે પ્રશ્નો લઈ શકાય નહીં, જેથી આગામી સમયથી 'પાસ પ્રથા' પર ભાર મૂકવામાં આવશે. પંચાયત સત્તાધીશોએ ઉમેર્યું હતું કે પંચાયત ધારાની જોગવાઈ મુજબ માત્ર ચંટાયેલા સભ્યો જ રજૂઆત કરી શકે. મહિલા સભ્યોના બદલે પતિ કે અન્ય વ્યક્તિઓ રજૂઆત ન કરે તે માટે પરિપત્ર બહાર પાડી પંચાયતના તમામ સ્તરે આ નિયમનો કડક અમલ કરાવાશે.

બીજી તરફ, પ્રશ્નોત્તરી કાળમાં ભણગોર બેઠકના

અનુ પાના નં.૨ પર

# સરકારે આપેલી ખાતરીનો અમલ ન થતાં આંગણવાડી કાર્યકરોના દેખાવ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સહિત રાજ્યભરમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના પગાર વધારા અંગે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપી દીધો હોવા છતાં, છેલ્લા દોઢેક વર્ષથી આ વધારાનો લાભ ચૂકવવામાં આવ્યો નથી. પગાર વધારા ઉપરાંત આંગણવાડી બહેનોના અન્ય પડતર પ્રશ્નો અને માગણીઓનો પણ કોઈ યોગ્ય ઉકેલ ન આવતાં જામનગરમાં આંગણવાડી બહેનોમાં ભારે રોષ અને અસંતોષ વ્યાપી ગયો છે.



તસવીરઃ હિરેન ગાંધી

હાઈકોર્ટના આદેશનું પાલન ન થતાં જામનગર સહિત અન્ય જિલ્લાઓમાં વિરોધનો વંટોળ ઊઠી રહ્યા છે. જેના ભાગરૂપે જામનગરમાં આંગણવાડી બહેનો મોટી સંખ્યામાં એકઠી થઈ હતી અને શહેરના સાત રસ્તા સર્કલથી કલેક્ટર કચેરી સુધી એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું સૂત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શન સાથે કલેક્ટર કચેરીએ પહોંચેલી આંગણવાડી બહેનોએ તંત્ર અને સરકાર સમક્ષ પોતાની પડતર માગણીઓ તેમજ હાઈકોર્ટના ચુકાદા મુજબ તાત્કાલિક પગાર વધારો ચૂકવવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરવામા આવ્યું હતું. બહેનોએ ચેતવણી આપી હતી કે જો તેમની ન્યાયીક માગણીઓ વહેલી તકે સંતોષવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.

# જામનગરના ધુતારપરના ખેડૂત સાથે ૨૩ લાખની છેતરપિંડીની ચોંકાવનારી ફરિયાદ

## ખેડૂતની ખેતીના ધિરાણ સહિતની રકમ આરોપીએ બારોબાર હજમ કરી લીધાનો આરોપ, બેંકના કામ દરમિયાન મળેલા આરોપીએ વિશ્વાસઘાત કરતા પોલીસે તપાસ આરંભી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના ધુતારપર ગામના ખેડૂત સાથે ₹૨૩ લાખની વિશ્વાસઘાત અને ઠગાઈની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ધુતારપર ગામે રહેતા ૫૧ વર્ષીય ખેડૂત પરસોતમભાઈ ચનાભાઈ લીંબાસીયાએ લક્ષ્મીપાર્ક વિસ્તારમાં રહેતા અને બેંકમાં નોકરી કરતા દીપેન કુછડીયા નામના શખ્સ સામે પંચકોશી 'બી' ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી પરસોતમભાઈ અને તેમના માતાના નામે આવેલી જમીન પર ₹૨૦ લાખનું કૃષિ ધિરાણ લેવા માટે નવેમ્બર-૨૦૨૪માં ધુતારપરની બેંક ઓફ બરોડા શાખામાં ગયા હતા, જ્યાં આરોપી દીપેન કુછડીયાએ સંપર્કમાં આવીને ધિરાણની કાર્યવાહીમાં મદદ કરી હતી.

ધિરાણ મંજૂર થઈ ગયા બાદ આરોપીએ ₹૨૦ લાખ ખાતામાં જમા થઈ ગયા હોવાનું જણાવ્યું હતું, પરંતુ બેંકમાં કનેક્ટિવિટી નથી તેવું બહાનું બતાવી તે સમયે નાણાં ઉપાડવા દીધા નહોતા. ત્યારબાદ થોડા દિવસો પછી ખેડૂતે બેંકમાં તપાસ કરાવતા તેમના અને તેમના માતાના ખાતામાંથી ₹૧૦-૧૦ લાખ મળી કુલ ₹૨૦ લાખ ઉપડી ગયા હોવાની જાણ થઈ હતી. ખેડૂતને આ રકમ મળી ન હોવાથી તેઓ હેબતાઈ ગયા હતા અને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

તપાસ દરમિયાન વધુમાં સામે આવ્યું હતું કે પરસોતમભાઈની પત્ની જ્યોત્સનાબેનના બેંક ખાતામાંથી પણ આશરે ₹૩ લાખ ઉપડી ગયા હતા. પરસોતમભાઈને ચેક લખતા ન આવડતું હોવાથી તેઓ અગાઉ પત્નીની સહીવાળી ચેકબુકમાંથી જરૂરી રકમ લખવા માટે દીપેન કુછડીયાની મદદ લેતા હતા. આ વિશ્વાસનો ગેરલાભ ઉઠાવી આરોપીએ પત્નીના સહીવાળા ચેકનો દુરુપયોગ કરી ₹૩ લાખ ઉપાડી લીધા હતા. આમ, ખેડૂત પરિવારના કુલ ₹૨૩ લાખની રકમ ચાલાકીપૂર્વક ઉપાડી લેવા અંગે પોલીસે ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં બ્રાસ પાર્ટીના ધંધાર્થીના ઘરેથી રૂ.૨.૫૦ લાખની ચોરીથી ચકચાર

## વેપારીનો પરિવાર અમદાવાદ પુત્રને મળવા ગયો અને પાછળથી આરોપીએ ખાતર પડ્યાનું ફરિયાદઃ સીસીટીવીના આધારે તપાસનો ધમધમાટ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરનાસાંઢીયા પુલ પાસે માધવબાગ-૬ વિસ્તારમાં રહેતા અને જી.આઈ.ડી.સી. ફેઝ-૨માં સનસાઇન મેટલ ઇન્ડસ્ટ્રીઝ નામે બ્રાસપાર્ટનો વ્યવસાય કરતા અનીલકુમાર કલ્યાણજીભાઈ પરમાર (ઉ.વ.૫૨)એ ચોરી મામલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવાયા અનુસાર તા.૮ ઓગસ્ટના રોજ સવારે તેઓ પત્ની પાયલબેન સાથે પુત્રને મળવા અમદાવાદ ગયા હતા.

ઘરે તેમની માતા ભાનુબેન એકલાં હતાં. તા.૧૦ ઓગસ્ટના વહેલી સવારે તેઓ અમદાવાદથી પરત આવ્યા બાદ બેડરૂમમાં સૂઈ ગયા હતા.

સવારે છ વાગ્યે ઊઠ્યા ત્યારે બેડરૂમના કબાટનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો અને અંદર કપડાં તથા સામાન વેરવિખેર પડેલો હતો. તપાસ કરતાં કબાટની તિજોરીમાં રાખેલા રૂ.૨.૫૦ લાખ રોકડા ગાયબ હોવાનું જણાયું હતું. ફરિયાદીએ જણાવ્યું હતું કે, આશરે દોઢ મહિના પહેલાં બેન્કમાંથી ઉપાડેલી આ રકમ ઘરકામ, પરચૂરણ ચૂકવણી તથા રોજિંદા ઘરખર્ચ માટે રાખવામાં આવી હતી.

બાદમાં પાડોશમાં રહેતા દિનેશભાઈ ગાગીયાના મકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં વહેલી સવારે આશરે ચાર વાગ્યાના અરસામાં એક અજાણ્યો શખ્સ ફરિયાદીના મકાનમાંથી બહાર નીકળતો નજરે પડ્યો હતો. જેથી અજાણ્યા ચોરે ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રૂ.૨.૫૦ લાખની રોકડ ચોરી કરી હોવાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# આજથી શ્રાવણ માસના પવિત્ર દશામાના વ્રતનો પ્રારંભઃ ભક્તોમાં ઉત્સાહ








આજથી પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ઉજવાતા દશામાના દસ દિવસીય વ્રતનો શ્રદ્ધાપૂર્વક પ્રારંભ થઈ રહ્યો છે, જેને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વ્રતના પ્રથમ દિવસે શ્રદ્ધાળુઓ દ્વારા ઘરમાં સુશોભિત પૂજા સ્થાન તૈયાર કરી, વિધિવત રીતે મા દશામાની મૂર્તિ કે પ્રતીકની સ્થાપના કરવાની તમામ તૈયારીઓ આખરી ઓપ આપી દેવામાં આવી છે. બજારોમાં પણ પૂજા-અર્ચના માટેની સામગ્રી, દશામાની મૂર્તિઓ, કંકુ-અબીલ, ફલહાર તથા દશામાના દોરા ખરીદવા માટે ભક્તોની ભીડ ઉમટી પડી છે. આગામી દસ દિવસ સુધી વ્રતધારીઓ નવરાત્રિની જેમ નિયમબદ્ધ પૂજા, કથા-શ્રવણ અને એકટાણાં કરીને મા દશામાની આરાધના કરશે અને પરિવારની સુખ-શાંતિ તથા સમૃદ્ધિ માટે પ્રાર્થના કરશે. આજથી જામનગર સમગ્ર જામનગર દશામા મય થઈ ગયાંનું જોવા મળી રહ્યું છે.

# જામ-ખંભાળિયા, બરડા ડુંગર, દ્વારકા અને જામનગરમાં પોલીસના દરોડાઃ લાખોના વિદેશી-દેશી દારૂના જથ્થા સાથે ૪ શખ્સો ઝડપાયા

### ખંભાળિયા-પોરબંદર હાઈવે પર કારમાંથી ૨૦૦ લીટર દેશી દારૂ પકડાયો, બરડા ડુંગરમાં દારૂની ભઠ્ઠી ઝડપાઈ, મકનપુરમાંથી ૫૨ બોટલ ઈંગ્લિશ દારૂ જપ્ત











**સમય સંદેશઃ જામનગર/દ્વારકા**

દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર નાથ લાવવા પોલીસે લાલ આંખ કરી છે. ખંભાળિયામાં એલસીબી પી.આઈ. એન.એચ. જોશીના વડપણ હેઠળ એ.એસ.આઈ. અરજણભાઈ મારુ, જેસલસિંહ જાડેજા અને ખીમાભાઈ આંબલીયાને મળેલી બાતમીના આધારે પોરબંદર હાઈવે પર શાળા પાસેથી મોટરકારમાં જતો દારૂનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો.

પોલીસે ધરાનગરના રામ ભારમલ ખીમા ધારાણી (ઉ.વ. ૨૩) નામના ગઢવી શખ્સને રૂ. ૪૦,૦૦૦ ની કિંમતના ૨૦૦ લીટર દેશી દારૂ, રૂ. ૧.૫૦ લાખની કોરોલા કાર અને મોબાઈલ મળી કુલ રૂ. ૨ લાખના મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી. આ દારૂ ભાણવડના રાણપર ગામના રાણા બાલા કોડીયાતર પાસેથી મેળવાયો હતો અને ખંભાળિયાના રાહુલ ગોપાલ ધારાણી, દેવા મશુરા, જતીન ગોસ્વામી, નવલ ઘેલા બંધ તથા ચોખંડાના હૈદર નામના પાંચ શખ્સોએ મંગાવ્યો હોવાનું ખુલતા તમામ સામે ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ આર.જે. હૂણ ચલાવી રહ્યા છે.

બીજા દરોડામાં ભાણવડ નજીક બરડા ડુંગરના ટપકેશ્વર તળાવ પાસે બાવળની ઝાળીમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી પર એલસીબીની ટીમે દરોડો પાડી રૂ. ૪૬,૦૦૦ ના મુદ્દામાલ સાથે રાણપર ગામના રાણા બાલા કોડીયાતર (ઉ.વ. ૩૧) ની અટકાયત કરી હતી. આ ઉપરાંત, દારૂના બે ગુનામાં નાસતા-ફરતા કિલેશ્વર નેસના પાલા વેજા કોડિયાતાર (ઉ.વ. ૨૮) ને મોડપર ગામની હોટલ પાસેથી ઝડપી ભાણવડ પોલીસને સોંપાયો હતો. ત્રીજી કાર્યવાહીમાં દ્વારકા પોલીસે મકનપુર ગામની સીમમાં પાણીના ટાંકા પાસે દરોડો પાડીને મકનપુર ફાટક પાસે રહેતા જશરાજભા લાલાભા માણેકને રૂ. ૬૭,૬૦૦ ની કિંમતની ૫૨ બોટલ વિદેશી દારૂ સાથે ઝડપી લઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

ચોથા બનાવમાં જામનગર શહેરના પુનતીનગર વિસ્તારમાં રહેતા આરોપી સન્ની શંકરભાઇ વર્માએ ભલસાણ ગામની પાતડા સીમમાં માર્ગના કાંઠે સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો જામનગર એલસીબી સ્ટાફે દરોડો પાડી કબ્જે કર્યો હતો. પોલીસે સ્થળ પરથી અલગ-અલગ બ્રાન્ડની દારૂની ૨૨૮ બોટલ (કિંમત રૂ. ૧.૩૯ લાખ) જપ્ત કરી પંચકોષી 'એ' ડિવિઝન પોલીસ

અનુ પાના નં.૨ પર

# 'ચાંદીપુરા'ના વધુ ત્રણ બાળ દર્દીના મોત

### જામનગરની જી.જી. હોસ્પિટલમાં ૪૮ કલાકમાં વધુ જીવ ગયા : રિપોર્ટ બાકી : ચિંતા યથાવત

**સમય સંદેશઃ જામનગર**



જામનગર જિલ્લામાં ગત સપ્તાહના અંત સુધીમાં ચાંદીપુરાના શંકાસ્પદ કેસોનો આંકડો ડઝન પર પહોચ્યો હતો.જેમાં પાંચ દર્દીઓને જી.જી. હોસ્પિટલના ખાસ વોર્ડમાં સઘન સારવાર આપવામાં આવી રહી હતી.દરમિયાન ગત રવિવારે કાલાવડ અને વરણા પંથકના અનુક્રમે બે વર્ષથી અને પાંચ વર્ષે બહાર દર્દીઓના સારવાર દરમિયાન મૃત્યુ નિપજયા હોવાનુ તબીબીસુત્રોએ જણાવ્યુ હતુ.

જયારે સોમવારે ધ્રોલ તાલુકાના રાજપર વાડી વિસ્તારના ત્રણ વર્ષીય બાળકનુ પણ મૃત્યુ નિપજયુ હતુ.આમ, ૪૮ કલાકમાં જ વધુ ત્રણ શંકાસ્પદ બાળદર્દીઓએ જીવ ગુમાવ્યા હતા.જોકે ,ત્રણેય મૃતક બાળદર્દીઓના સેમ્પલના રીપોર્ટ હજુ બાકી હોવાનુ તબીબી સુત્રોએ જણાવ્યુ હતુ. જામનગરની હોસ્પિટલમાં હાલ બે બાળ દર્દી છે .અત્યાર સુધીમાં જી.જી.હોસ્પિટલમાં શંકાસ્પદ બાળ દર્દીઓનો આંકડો બાર પર શહેરના પહોચ્યો છે.જેમાં આઠ બાળ દર્દીઓના મૃત્યુ નિપજયા મહત્તમ હતા.

જોકે ,પ્રથમ પાંચ બાળ દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનુ સુત્રોએ જણાવ્યુ હતુ.હાલ ત્રણ દર્દીઓના રીપોર્ટ બાકી છે.જયારે બે બાળદર્દી સ્વસ્થ થતા રજા અપાઈ હતી. ધ્રોલના ડાંગરા પંથકના ગત સપ્તાહે રાજકોટમાં મૃત્યુ પામેલા બાળ દર્દીનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

# બેંક એકાઉન્ટ ભાડે આપીને અયોગ્ય રીતે પૈસા કમાવવાની લાલચમાં કલ્યાણપુરના ત્રણ શખ્સોની અટકાયત

### મ્યુલ એકાઉન્ટમાં ૩૯ લાખ કરતાં વધુના ટ્રાન્જેક્શન થયા હતા

**સમય સંદેશઃ દ્વારકા**

સાયબર ફ્રોડ મારફતે ગુનો આચરતા શખ્સો દ્વારા ત્રાહિત વ્યક્તિઓના બેન્ક એકાઉન્ટ ભાડે રાખીને લાખો રૂપિયાના ગેરકાયદે ટ્રાન્જેક્શન કરવાના રેકેટનો દેવભૂમિ દ્વારકા સાયબર ક્રાઇમ પોલીસે પર્દાફાશ કર્યો છે. રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાયની સૂચના અને જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી મીત રુદલાલના વડપણ હેઠળ હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન મ્યૂલ હન્ટ' અંતર્ગત આ સફળ કાર્યવાહી કરવામાં આવી હતી. સાયબર ક્રાઇમ વિભાગના પી.આઈ. ઋષિતસિંહ રાઠોડ અને તેમની ટીમે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સીસના આધારે તપાસ હાથ ધરી કલ્યાણપુર




તાલુકામાં આવેલી બેન્ક ઓફ બરોડાના એક ખાતામાંથી સાયબર ફ્રોડના ₹૩૯,૦૮,૭૬૦ ની આપ-લે કરનારા મ્યૂલ એકાઉન્ટ હોલ્ડર સહિત તેના મળતીયાઓ સામે બી.એન.એસ. અને આઈ.ટી. એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી ત્રણેય શખ્સોને ઝડપી લીધા હતા.

આ પ્રકરણમાં પોલીસે કાર્યવાહી કરીને કલ્યાણપુરના કબીરનગર વિસ્તારમાં રહેતા દિલીપ પ્રભુદાસ પાલા (ઉ.વ. ૪૪) તેમજ કલ્યાણપુર તાલુકાના માંગરીયા ગામના શક્તિરાજસિંહ તખુભા જાડેજા (ઉ.વ. ૨૧) અને ધ્રુવરાજસિંહ અજયસિંહ જાડેજા (ઉ.વ. ૨૩) નામના ત્રણ શખ્સોની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર કામગીરી પી.આઈ. ઋષિતસિંહ રાઠોડ, પી.એસ.આઈ. બી.કે. કડછા તેમજ સ્ટાફના કર્મચારીઓ ધરણાંતભાઈ બંધીયા, હેભાભાઈ ચાવડા, સાજણભાઈ સુવા અને તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં કચરા કોન્ટ્રાક્ટમાં ભાજપના કોર્પોરેટરે કૌભાંડ પકડ્યું

### ગાડીઓમાં ભંગાર-માટી ભરી વજન વધારવાની ગેરરીતિ ઝડપાઈ; ખાનગી કાંટા પર ગેરકાયદે વજન કરી બિલ મંજૂર






**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના કરોડો રૂપિયાના ડોર-ટુ-ડોર કચરા કલેક્શનના કોન્ટ્રાક્ટમાં વ્યાપક ભ્રષ્ટાચાર સામે આવતાં ચકચાર મચી ગઈ છે. શાસક પક્ષ ભાજપના જ કોર્પોરેટર અને સેનિટેશન સમિતિના વાઈસ ચેરમેન પ્રકાશભાઈ રાઠોડે તાજેતરમાં હાપા માર્કેટિંગ યાર્ડ પાસે આવેલ મુરલીધર વે બ્રિજ નજીક અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન મનપાના કોન્ટ્રાક્ટરો દ્વારા વજન વધારીને ખોટા બિલ બનાવવાની મનશાથી કચરાની ગાડીઓમાં કચરાના બદલે ભંગાર, કેરણ અને માટી ભરીને ગેરરીતિ આચરવામાં આવતી હોવાનો ખુલાસો થયો હતો. આ સમગ્ર ગોલમાલના પુરાવા રૂપે સ્થળ પરથી ફોટોગ્રાફ્સ અને વીડિયો શૂટિંગ પણ લેવામાં આવ્યા છે. મનપા દ્વારા વોર્ડ ૧ થી ૮ માટે 'ઓમ સ્વચ્છતા એજન્સી' અને વોર્ડ ૯ થી ૧૬ માટે

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ગેરકાયદે રેતી ખનન પર કાર્યવાહીઃ ઊંડના પટમાંથી ૪૦ લાખના વાહનો સીઝ




**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના ધ્રાંગડા ગામ નજીક ઊંડ નદીના પટ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર રેતી ખનન અને વહન સામે ખાણ-ખનિજ વિભાગે મોટી કાર્યવાહી કરી છે. આ કાર્યવાહીમાં આશરે ૪૦ લાખની કિંમતના ત્રણ વાહનો સીઝ કરવામાં આવ્યા છે.

ભૂસ્તરશાસ્ત્રી, જામનગરની સૂચનાથી ગેરકાયદેસર ખનન અને વહનની ફરિયાદના આધારે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ ટીમમાં નિખીલભાઈ, આનંદભાઈ અને રજનીભાઈનો સમાવેશ થતો હતો.

તપાસ દરમિયાન, ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ત્રણ વાહનો ઝડપાયા હતા. જેમાં દેવદાનભાઈ કુંભારવાડીયાની

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ધોળે દિવસે સ્કૂટરચાલકને ધમકાવી ૬ હજારની રોકડની બેખૌફ લૂંટ

### વાહન આથડાવ્યું હોવાનું ખોટું બહાનું કરી આધેડને અટકાવ્યા બાદ ગાળો અને ધમકી આપી રૂપિયા કાઢી લીધા, પોલીસનો તપાસનો ધમધમાટ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના લાલવાડી વર્ધમાનનગરમાં રહેતા અને સત્યસાઈ સ્કૂલમાં પટ્ટાવાળા તરીકે નોકરી કરતા મનોજભાઈ વિનોદચંદ્ર માંડલીયા (ઉ.વ.૫૧) તા.૬ ઓગસ્ટના રોજ બપોરે સ્કૂટર લઇને સ્કૂલેથી ઘરે જઈ રહ્યા હતા. તેઓનો પગાર થયો હોવાથી વીરલબાગ પાસેના એટીએમમાંથી રૂ.૧૫ હજારની રકમ ઉપાડ્યા બાદ રૂ.૬,૦૦૦ શર્ટના ખિસ્સામાં અને રૂ.૯,૦૦૦ પાકીટમાં રાખ્યા હતા.

બાદમાં અંબર સર્કલ નજીક માલાબાર શો-રૂમ પાસે પહોંચતા પાછળથી એક નંબર પ્લેટ વગરની મોટરસાઇકલ પર સવાર બે અજાણ્યા શખ્સોએ જોરથી હોર્ન વગાડી ફરિયાદીને અટકાવ્યા અને ગાળો આપવા લાગ્યા હતા. બાદમાં મનોજભાઈએ આરોપીની બાઇક સાથે અકસ્માત કરી નુકસાન કર્યું હોવાના ખોટા બ્હાના તળે રૂપિયાની માંગ કરી મોટરસાઇકલ ચાલકે મનોજભાઈનો કાઠલો પકડી લીધો અને અન્ય શખ્સે શર્ટના ખિસ્સામાંથી રૂ.૬ હજાર કાઢી લીધા હતા. આ વેળાએ લોકો એકઠા થઈ જતા બંને આરોપી પોતાની નંબર

અનુ પાના નં.૨ પર

# બીટેકની છાત્રા પબજી રમતા-રમતા ફસાઈઃ અંગત ફોટો,વીડીયો પરિવારને મોકલી ખંડણી માંગનાર ઝબ્બે

### યુવતીના પિતા પાસેથી પાંચ લાખ માંગી ૨૨ હજાર પડાવ્યાઃ દ્વારકા પોલીસે અમદાવાદથી ૨૨ વર્ષના વિદ્યાર્થીને પકડ્યો

**સમય સંદેશઃ જામનગર**



અમદાવાદની એક કોલેજમાં બી.ટેક.નો અભ્યાસ કરતી યુવતીને પબજી ગેમ મારફતે એક યુવાન સાથે સંપર્ક થયા બાદ બ્લેકમેલિંગ અને ખંડણીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આરોપીએ યુવતી સાથે મિત્રતા કેળવી તેણીના અંગત ફોટો અને વીડિયો મેળવી લીધા હતા. બાદમાં મિત્રતા તૂટી જતાં આરોપીએ બેનામી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામ પર યુવતીના પરિવારજનોને આ ફોટા મોકલી આપ્યા હતા. એટલું જ નહીં, યુવતીના પિતા પાસે ₹૫ લાખની ખંડણી માંગી ₹૨૨,૦૦૦ મેળવી લીધા હતા અને બાકીના નાણાં ન આપે તો યુનિવર્સિટીમાં ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી.

આ મામલે સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં બી.એન.એસ. અને આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધાતા તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ વિભાગના પી.આઈ. ઋષિતસિંહ રાઠોડ અને તેમની ટીમે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સીસના આધારે તપાસ લંબાવી હતી. તપાસ દરમિયાન આ ગુનામાં સંડોવાયેલા દિલ્હીના રોહિણી વિસ્તારના સેક્ટર-૧૭માં રહેતા અને અભ્યાસ કરતા સાહિલ ઉર્ફે હર્ષ શોકીન્દર સિંહ જાટ (ઉ.વ. ૨૨) નામના વિદ્યાર્થીને અમદાવાદ ખાતેથી સફળતાપૂર્વક ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાના પગલે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com